મહિલાઓ પર થતા અત્યાચારો રોકવા અંગે રચવામાં આવેલ રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિના બંધારણમાં આંશિક ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મહસ/૧૦/૨૦૧૬/૨૭૫૦૧૪/ટ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૩/૦૭/૨૦૧૭.

વંચાણે લીધોઃ– ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૬/૦૩/૧૯૯૧નો ઠરાવ ક્રમાંકઃપરચ–૨૯૯૦–૧૯૬૪–ન.

પ્ર સ્તા વ ના :–

સંદર્ભમાં દર્શાવેલ વિભાગના તા.૦૬/૦૩/૧૯૯૧ના ઠરાવથી મહિલાઓ પર થતા અત્યાચારો રોકવા અંગે રચવામાં આવેલ રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિના બંધારણમાં આંશિક ફેરફાર કરવામાં આવેલ છે. આ ફેરફાર પ્રમાણેની સમિતિમાં ક્રમાંકઃ૭ સામે દર્શાવ્યા પ્રમાણે કુલ ૩૦ બિનસરકારી સભ્યો (મહિલા કાર્યકરો)ની સભ્ય તરીકે નિમણૂક કરવાનું ઠરાવવામાં આવેલ છે.

૨. સમિતિની વખતો–વખતની પુનર્રચના બાદ રાજયમાં કેટલાક જિલ્લાઓનું વિભાજન થતાં તેમજ નવા ૭ જિલ્લાઓ જાહેર થવાના કારણે જિલ્લાઓની સંખ્યા વધીને કુલ ૩૩ થયેલ છે. તેમાં, ૪ પોલીસ કમિશનરેટ, કચ્છમાં કચ્છ–પૂર્વ,ગાંધીધામ અને કચ્છ–પશ્ચિમ,ભૂજ એમ બે પોલીસ જિલ્લા હોઈ તે ૧ વધારાઓ જિલ્લો તથા રેલવે પોલીસના અમદાવાદ અને વડોદરા એમ ૨ (બે) જિલ્લા ઉમેરતાં કુલ ૪૦ મહિલા સભ્યોને રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિમાં પ્રતિનિધિત્વ મળી રહે તે હેતુસર સમિતિના બંધારણમાં ફેરફાર કરી બિનસરકારી સભ્યો તરીકે મહિલા કાર્યકરોની સંખ્યા ૩૦માંથી વધારીને ૪૦ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :–

પુખ્ત વિચારણાના અંતે સંદર્ભમાં દર્શાવેલ વિભાગના તા.૦૬/૦૩/૧૯૯૧ના ઠરાવથી, મહિલાઓ પર થતા અત્યાચારો રોકવા અંગે રચવામાં આવેલ રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિના બંધારણમાં આંશિક ફેરફાર કરી, સમિતિના ક્રમાંકઃ૭ સામે દર્શાવેલ '૩૦ બિનસરકારી સભ્યો (મહિલા કાર્યકરો)' ના બદલે '૪૦ બિનસરકારી સભ્યો (મહિલા કાર્યકરો)'ની નિમણૂંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૦૫/૧૧/૨૦૧૬ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મહેન્દ્ર આર. સોની )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. પરમ સન્માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક. મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.

૪. સર્વે માન. મંત્રીશ્રીઓ તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૯. પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી., ક્રાઈમ અને રેલવેઝ, ગુ.રા., ગાંધીનગર.
૧૦. ગૃહ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાશ્રીઓ.
૧૧. અધિક પોલીસ મહાનિદેશકશ્રી (મહિલા સેલ), સી.આઈ.ડી., ક્રા. અને રે.ની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
૧૨. ગૃહ વિભાગ હેઠળના તમામ રેન્જ વડાશ્રીઓ.
૧૩. તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
૧૪. તમામ જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રીઓ (વેસ્ટર્ન રેલવેઝ, અમદાવાદ તથા વડોદરા સહિત).
૧૫. સચિવાલયના સર્વે વિભાગો.
૧૬. નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર તથા અમદાવાદ.
૧૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર તથા અમદાવાદ.
૧૮. તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
૧૯. ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
૨૦. ગૃહ વિભાગની તમામ શાખાઓ.
૨૧. શાખા સિલેક્ટ ફાઈલ.